# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૫/૩/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

For

(સીઇઓ)

---

# ચેમ્બરમાં ''ઇન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી રાઇટ્સ ફોર એમએસએમઇ કલસ્ટર્સ'' વિશે અવેરનેસ કાર્યક્રમ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ભારત સરકારના એમએસએમઇ વિભાગના સંયુકત ઉપક્રમે ''ઇન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી રાઇટ્સ ફોર એમએસએમઇ કલસ્ટર્સ'' વિશે અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. એમએસએમઇ અમદાવાદના આસિસ્ટન્ટ ડાયરેકટર શ્રી પી.બી. પરમાર અને શ્રી તરૂણ ભટનાગર તથા ટ્રેડમાર્ક રજિસ્ટ્રી ઓફિસર શ્રી સુશિલકુમાર પાંડે, સુશ્રી દિવ્યા શ્રીનિવાસ અને શ્રી પ્રણવ ખન્નાએ પોતાનું વકતવ્ય રજૂ કરી ટ્રેડમાર્ક, જીયોગ્રાફીક ઇન્ડીકેશન્સ, પેટન્ટ, ઇન્ડસ્ટ્રીયલ ડિઝાઇન અને કોપીરાઇટ વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભીક ઉદ્બોધન કર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં સૌથી વધારે એમએસએમઇ સુરતમાં છે. ટ્રેડમાર્ક અને જીયોગ્રાફીક ઇન્ડીકેશન્સમાં સુરત ખૂબ જ મોટુ સ્થાન લઇ શકે છે. સરકારની મદદથી આગળ વધી શકાય છે. આથી સુરતે આઇપીઆરનો વધુમાં વધુ લાભ લેવાનો છે.

શ્રી પી.બી. પરમારે જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં એકમાત્ર સુરતમાં ૬૦ ટકાથી વધુ એમએસએમઇ રજિસ્ટર્ડ થયા છે. એમએસએમઇમાં ટેકનોલોજી એન્ડ અપગ્રેડેશન સ્કીમનો લાભ લઇ શકાય છે. એમએસએમઇની પોર્ટલ ઉપર ડોકયુમેન્ટ અપલોડ કરી અને વિગતો ભરીને સબસિડીનો લાભ મેળવી શકાય છે. આના માટે બેંકમાંથી સીધી સબસિડી ટ્રાન્સફર થાય છે.

શ્રી તરૂણ ભટનાગરે જણાવ્યુ હતુ કે સરકારની લીન મેન્યુફેકચરીંગ સ્કીમનો સુરતમાં ૬૦૦થી ૭૦૦ યુનિટોએ લાભ લીધો છે. ટેક્ષટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં કરોડો રૂપિયાની મશીનરી ખરીદી શકાતી નથી એટલે

સરકાર એમએસએમઇથી ઉદ્યોગકારોને મદદ કરે છે. વધુમાં તેમણે કહયુ હતુ કે ટ્રેડમાર્ક, ડિઝાઇન પ્રોડકટ અને કોપીરાઇટ ઇનોવેશનનો બીજો કોઇ દુરુપયોગ નહી કરે એટલે પેટન્ટ ફાઇલ કરવાની રહે છે.

સુશ્રી દિવ્યા શ્રીનિવાસને જણાવ્યુ હતુ કે સરકારે વર્ષ ૨૦૧૬માં નેશનલ આઇપીઆર પોલિસી બની હતી. આ પોલિસી અંતર્ગત તમારા આઇડીયાને પ્રોટેકટ નહી કરી શકાય પણ તમારા ઇન્વેન્શનને પ્રોટેકટ કરી શકાય છે. પેટન્ટ ૨૦ વર્ષ સુધી પ્રોટેકટ રહે છે. કોપીરાઇટમાં લાઇફટાઇમ સુધીની મુદત હોય છે. ડિઝાઇનમાં પણ દસ વર્ષ સુધીની મુદત હોય છે. ટ્રેડમાર્ક બ્રાન્ડ વેલ્યુ છે અને તેને ૧૦ વર્ષે રિન્યુ કરાવી શકાય છે.

ટ્રેડમાર્ક રજિસ્ટ્રી ઓફિસર શ્રી સુશિલકુમાર પાંડેએ ટ્રેડમાર્કના રજિસ્ટ્રેશન, તેની સુવિધાઓ અને ફાયદાઓ વિશે સમજણ આપી હતી. કોઇ પેટન્ટ રજિસ્ટર્ડ હોય એ પેટન્ટ તો આપી શકાતી જ નથી પણ પેન્ડીગ હોય તો પણ એ પેટન્ટ આપવામાં આવતી નથી. રજિસ્ટ્રેશન કરવુ જરૂરી નથી પણ તમારા ટ્રેડમાર્કનો કોઇ દુરુપયોગ નહી કરે એટલા માટે રજિસ્ટ્રેશન કરવુ જોઇએ. ટ્રેડમાર્કને વેચી પણ શકાય છે.

ઇન્ડસ્ટ્રીયલ ડિઝાઇન વિશે માહિતી આપતા શ્રી પ્રણવ ખન્નાએ જણાવ્યુ હતુ કે ઓટોમેશનમાં તો ફ્રન્ટ, બેકસાઇડ અને પ્રોસ્પેકટીવ વિગેરે ડિઝાઇનમાં રજિસ્ટર્ડ થાય છે. ગુજરાતમાં હવે ઘણી પેટન્ટ ફાઇલ થઇ રહી છે. સૌથી વધુ પેટન્ટ સુરતથી ફાઇલ થઇ છે. તેમણે ઇન્વેન્શન અને ડિસ્કવરી વચ્ચેનો તફાવત પણ સમજાવ્યો હતો.

કાર્યક્રમના અંતે એમએસએમઇના અધિકારીઓએ ઉદ્યોગપતિ અને વેપારીઓના સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા. ચેમ્બરની આઇપીઆર કમિટીના ચેરમેન શ્રી પરેશ લાઠીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી કેતન દેસાઇએ આમંત્રિત મહેમાનો સહિત તમામનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.